જગુઆર જેવી લક્ઝૂરિયસ કારમાં ફરતી ગેંગનું કારસ્તાન

કસ્ટમનું સોનું સસ્તામાં વેચવાનાં બહાને દિલ્હીના વેપારીના રૂ. ૭૨ લાખ પડાવ્યા

વેપારીએ ઉઘરાણી કરતાં ભૂજમાં લમણે એરગન તાકી લાશને દરિયામાં ફેંકવાની ધમકી

ટોળકીની ચુંગાલમાંથી છૂટેલાં વેપારીએ ફરિયાદ નોંધાવતા ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી

। વડોદરા ।

દિલ્હીના એક બિઝનેસમેનની વડોદરા શહેરમાં સરભરા કરીને કસ્ટમ ડિપાર્ટમેન્ટે રીકવર કરેલુ સોનુ સસ્તામાં વેચવાની લાલચ આપીને રૂ. ૭૨ લાખ પડાવી લેનારા નકલી કસ્ટમર ઓફીસર સહીતની ટોળકી સામે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો છે.

આ કિસ્સામાં ભોગ બનનાર સુરેશ રામજરા સિંઘાનીયા (ઉ.વ.૪૮) ન્યુ દિલ્હીના વતની છે. યશરાજ ઈન્ટરનેશનલ નામથી રેતીનો બિઝનેસ કરે છે. અરુણ શ્રીવાસ્તવ નામના મિત્રએ થોડાક સમય પૂર્વે વૉટસએપ ઉપર ગોલ્ડ બિસ્કીટનો ફોટો મુકયો હતો અને કસ્ટમ વિભાગે કબજે કરેલો મુદ્દામાલ છે જે સસ્તામાં વેચવાની વાત કરી હતી. આ સોદા માટે મિત્ર સાથે વડોદરા આવ્યા હતા અને અકોટા સબ રજિસ્ટ્રાર ઓફીસ પાસેના કીશન રેસીડેન્સી ખાતેની ઓફીસમાં ઈલીયાસ ઉર્ફે વીકી સીરાજખાન અજમેરી સાથે મુલાકાત થઈ હતી. સોનાના એક બિસ્કીટનો ભાવ રૂ. ૪.૯૦ લાખ છે જેથી ૪ લાખમાં બિસ્કીટનો ભાવ નક્કી થયો હતો. આ વખતે ઈલીયાસે ૧૦૦ ગ્રામનું ગોલ્ડ બિસ્કીટ આપ્યુ હતુ અને ટોકન પેટે રૂ. ૧૦૧ લીધા હતા બાકીના પૈસા દિલ્હી જઈને મોકલાવ્યા હતા. સુરેશ સિંઘાનીયા બીજી વખત વડોદરા આવ્યા હતા ત્યારે તેમને લેવા મુકવા માટે જગુઆર કાર મોકલી હતી અને સયાજીગંજની એક હોટલમા ઉતારો આપ્યો હતો. આ મુલાકાત વખતે રૂ. ૨૩,૫૦૦માં ૫૦૦ ગ્રામ ગોલ્ડનો સોદો થયો હતો. પરંતુ ડિલીવરી દિલ્હીમાં મળવાની હતી. ઈલીયાસે ફોન કરીને કહ્યુ હતુ કે પાંચ નહીં પણ ૧ કિલો સોનુ આપીશ રૂ. ૧૦ લાખની વ્યવસ્થા કરી લેજો, આમ કુલ રૂ. ૪૨ લાખ પડાવી લીધા હતા. પરંતુ સામે ગોલ્ડ આપ્યુ નહતુ.

પૈસાની ઉઘરાણી માટે સુરેશભાઈ વડોદરા આવ્યા હતા ત્યારે તેઓને કપટ પૂર્વક બાયરોડ ભૂજ માંડવી લઈ જવાયા હતા. જયાં બિઝનેસમેનના લમણે એરગન મુકીને જાનથી મારી નાંખીને લાશને દરીયામાં ફેંકી દેવાની ધમકી આપી હતી. બંધનમાંથી મુકત થવા માટે ગાંધીધામ ખાતે આંગડીયાથી બીજા રૂ. ૩૦ લાખ મંગાવ્યા હતા. આરોપીઓની ચુંગાલમાંથી છુટીને અમદાવાદથી હવાઈ મુસાફરી કરીને સહી સલામત રીતે દિલ્હી પહોંચ્યા હતા. ત્યાર પછી વડોદરા આવીને આરોપી તરીકે ઈલીયાસ ઉર્ફે વીક્કી સીરાજખાન અજમેરી (રહે, તૈયબ રેસીડેન્સી, તાંદલજા), અલી મહંમદ નૂરમહંમદ સોઢા ઉર્ફે હાજી (રહે, રહીમનગર, ભૂજ ઉપરાંત સલીમ- કાદર કસ્ટમ ઓફીસર સામે આયોજન પૂર્વકની ચિટીંગનો ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

ટોળકીના બોસ અલી મહંમદની ભૂજથી ધરપકડ

આ ટોળકીના બોસ બની બેઠેલા ભૂજના અલી મહંમદ ઉર્ફે હાજી નુરમહંમદ સોઢા (ઉ.વ.૪૧) (રહે, રહીમ નગર ભૂજ-કચ્છ)ને ક્રાઈમ બ્રાન્ચે ભૂજથી ઝડપી પાડયો હતો. આરોપીને વડોદરા ખાતે લાવીને આર.ટી.પી. સી.આર. ટેસ્ટ પછી ધરપકડ કરી છે. બીજા આરોપીઓને પકડવા માટે વિવિધ ટીમો સક્રીય થઈ છે. આરોપી અલી મહંમદ સામે ભુજમાં૩ માંડવીમાં ૧ અને અંજારમાં એક મળીને ચીટીંગના કુલ પાંચ ગુનાઓ નોંધાયા છે.

ઈલીયાસની અગાઉ બેંગ્લુરુના ગુનામાં ધરપકડ થઈ હતી

ભેજાબાજ ટોળકીના સૂત્રધાર ઈલીયાસ અજમેરીનો ઈતીહાસ પણ ગુનાઈત છે. આરોપી સામે કર્ણાટક બેગલુરુના એસ.જે. પાર્ક પોલીસ સ્ટેશનમાં ચિટીંગનો ગુનો નોંધાયો હતો. આ ગુનો પણ સસ્તામાં ગોલ્ડના સોદાનો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આરોપી ઈલીયાસની જે તે વખતે ધરપકડ કરીને બેંગલુરુ પોલીસને સોંપ્યો હતો. દિલ્હીના વેપારી સાથે ઠગાઈમાં ઉપયોગમાં લવાયેલી જગુઆર કાર કોની માલીકીની હતી ? અકોટાની ઓફીસની તપાસ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમ સક્રીય થઈ છે.

અલ્પુ સિંધીના વચગાળાનાં જામીન નામંજૂર

। વડોદરા ।

બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટના ગુનામાં હાલ જેલમાં કેદ બુટલેગર અલ્પુ સિંધીએ મેડિકલના ગ્રાઉન્ડ પર મુકેલી વચગાળાની જામીન અરજી અદાવતે નામંજૂર કરી હતી.

મધ્ય ગુજરાતના બુટલેગર અલ્પેશ ઉર્ફે અલ્પુ હરદાસમલ વાઘવાણી (સિંધી) (સંતકવર કોલોની, વારસિયા) વિરુદ્ધ બાપોદ પોલીસ મથકમાં હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટના આદેશથી જેલ હવાલે કર્યો હતો. જે બાદ રીઢા ગુનેગાર અલ્પુએ રેગ્યુલર જામીન પર મુક્ત થયો હતો, પરંતુ જામીનની શરતોનું ઉલ્લંઘન કરતાં ફરી આરોપીને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ મોકલી અપાયો હતો. હાલ જેલમાં કેદ અલ્પુ સિંધીની તબિયત લથડતાં તેણે અત્રેની કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરી હતી. જેમાં પોલીસે આરોપી અલ્પુ સિંધીની ગુનાઈત કુંડળી સાથે કોર્ટમાં સોંગદનામુ કર્યું હતું. સરકારી વકીલ ડી.જે.નારિયેળવાલાએ આરોપીના ભૂતકાળને લઈ તેને વચગાળાના જામીન ન આપવા વિરોધ કર્યો હતો. જેથી અદાલતે અલ્પુ સિંધીના વચગાળાની જામીન અરજી નામંજૂર કરી તબીબી સારવારની મંજૂરી આપી હતી.

મકરપુરા જીઆઈડીસીની બંધ કંપનીમાં રહસ્યમય રીતે આગ લાગી

। વડોદરા ।

મકરપુરા જીઆઈડીસી ખાતે આવેલી હિમાલય કંપનીની બાજુમાં એક બંધ કંપની છે. જેમાં આજે શનિવારે બપોરે એકાએક આગ લાગી જતા દોડધામ મચી હતી. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવીને આગ ઓલવી નાખી હતી.

મકરપુરા જીઆડીસી ખાતે આવેલી એક બંધ કંપનીમાં બપોરે ૧૨ કલાકના અરસામાં આગ લાગી હતી. આગની ઘટનાને લઈને આસપાસમાં આવેલી કંપનીઓના લોકો બહાર નીકળી ગયા હતા અને સ્થળ પર દોડધામ મચી ગઈ હતી.

બનાવની જાણ થતા જીઆઈડીસી ફાયર બ્રિગેડના લાશ્કરો સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવવાનો શરૂ કરી દીધો હતો. સતત એક કલાક સુધી પાણનો મારો ચલાવ્યા બાદ આગ કાબૂમાં આવી હતી. આગમાં ત્યાં પડેલો ભંગારનો સામાન લપેટમાં આવેલો હતો. જોકે, આગ કંઈ રીતે લાગી તેને લઈને અનેક સવાલો ઉઠ્યાં હતાં.

હરણી બાદ ગોત્રીમાં પણ પેવર બ્લૉકનો જથ્થો રઝળતો મળ્યો, તપાસની માગ

વડોદરા : શહેરના હરણી પોલીસ સ્ટેશનની બાજુમાં કોર્પોરેશનના ડામર પ્લાન્ટની જગ્યામાં હજારોની સંખ્યામાં પેવર બ્લોક રઝળતી હાલતમાં પડી રહ્યા હતાં. જેની તપાસની માગણી આરટીઆઈ એક્ટિવિસ્ટે કરી હતી. એ પછી આજે સતત બીજા દિવસે ગોત્રી મેઈન રોડ પર આવેલી ગોત્રી મેડિકલ હોસ્પિટલના પ્રાંગણમાં પણ આ જ રીતે પેવર બ્લોકનો જથ્થો પડી રહ્યો હતો. જોકે, આ બાબતે આરટીઆઈ એક્ટિવિસ્ટે રજૂઆત કરતા તંત્ર સફાળુ જાગ્યુ હતુ અને ત્યાંથી પેવર બ્લોક લઈ ગયા હોવાનુ જાણવા મળ્યુ હતુ. આરટીઆઈ એક્ટિવિસ્ટે તપાસની માગણી કરી હતી.

શહેરમાં ધમધમતા દારૂ-જુગારનાં ૧૦ અડ્ડા પર ક્રાઈમ બ્રાંચની રેડ

પોલીસે એક ડઝનથી વધુ આરોપીઓને પકડી કાર્યવાહી કરી

। વડોદરા ।

શહેરના જુદા - જુદા વિસ્તારોમાં આવેલા દારૂ - જૂગારના ૧૦ અડ્ડાઓ પર ક્રાઈમ બ્રાચે દરોડા પાડી એક ડઝનથી વધુ આરોપીઓની ધરપકડ કરી મુદ્દામાલ કબજે લીધો હતો. જ્યારે ગોત્રી પોલીસે પણ દારૂના ત્રણ કેસ કર્યા હતા.

આજવા રોડ એકતાનગરમાં આંકડાનો જૂગાર રમાડતા રાહુલ અશોક શર્મા અને અજય રમેશ પાટીલને રોકડા રૂ. ૧૧,૩૪૦ તથા આંકડાની લખેલી સ્લિપો સાથે પકડ્યા હતા.

ફતેપુરા લોક માન્ય સોસાયટીમાં રહેતાં યોગેશચંદ્ર રમેશચંદ્ર ત્રિવેદી, આકાશ રાજેશ યાદવ (રહે, વિઠ્ઠલવાડી, પ્રતાપનગર રોડ), રાજેશ શ્યામસુંદર અગ્રવાલ (રહે, કાગડાવાડી ચાલ, પ્રતાપનગર)ને આંકડાની સ્લિપ તથા રોકડ અને ફોન મળી રૂ. ૧૯ હજારના મુદ્દામાલ સાથે પકડ્યા હતા.

પોલીસે આરોપી નરેશ રાજુ પંડિતને વૉન્ટેડ બતાવ્યો હતો. જ્યારે દેશી-વિદેશી દારૂનો વેપલો કરતાં આરોપીઓને પણ પોલીસે સકંતામાં લીધા હતા. જેમાં મકરપુરાના રેવેંટા એપાર્ટમેન્ટમાં રહેતાં અજય હરેશભાઈ જગપાતને દારૂની ૨૪ બોટલ સાથે પકડ્યો હતો.

તેમજ ડભોઈ રોડ પર ગણેશનગરમાં રહેતાં ચેતન ઉર્ફે દર્શન મુકેશભાઈ શાહને વિદેશી દારૂના પાંચ ટ્રેટાપેક, માંજલપુર અલવાનાકા ખાતે હેતલનગર પાસેથી આરોપી હિતેન્દ્ર ભુદરભાઈ પરમારને દારૂની ૯ બોટલ, કારેલીબાગ આનંદનગર ખાતે રહેતા નિકુલ કિશોરભાઈ નાગરને દારૂની સાત બોટલ, શકરીબેન કરશનભાઈ માળી (રહે, સરદાર એસ્ટેટ, આજવા રોડ) અને ગીતા દિપકભાઈ માછી (રહે, કિશનવાડી)ને દેશી દારૂના જથ્થા સાથે પોલીસે સકંજામાં લીધા હતા.

જ્યારે ગોત્રી પોલીસે પણ જુદી - જુદી જગ્યાએ દરોડા પાડી ગંગા બલાભાઈ માળી, મધી હિંમતભાઈ માળી (બંને રહે, વાસણા ગામ)ને દેશી દારૂના જથ્થા સાથે અને અભિષેકગીરી ઉર્ફે બિટ્ટુ અજયગીરી ગીરી (રહે, ગોરવા)ને વિદેશી શરાબની ચાર બોટલ સાથે ઝડપ્યો હતો.

બરાનપુરામાં રૂદ્ર કૉમ્પ્લેક્સમાં ૨૦ મીટરોમાં આગ : ૩ સ્કૂટી અને ૩ સાઈકલ બળીને ખાખ

વડોદરા : શહેરમાં આગના બે બનાવોમાં રવિવારે સવારે બરાનપુરાના રૂદ્ર કોમ્પલેક્ષમાં અને સોમા તળાવ નજીક વૈષ્ણવપાર્ક સોસાયટીના મકાનમાં આગ ભભૂકી ઉઠી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા લાશ્કરો ઘટના સ્થળે જઈને આગ બુઝાવી દીધી હતી. બન્ને બનાવમાં કોઈને ઈજા થઈ નહી હોવાનું ફાયર બ્રિગેડના સુત્રોએ જણાવ્યુ હતુ.

ચોખંડી નાની શાક માર્કેટ બરાનપુરા પેટ્રોલપંપની પાછળ આવેલા રૂદ્ર કોમ્પલેક્ષમાં આજે સવારે આગ ભભૂકી ઉઠીહતી. કોમ્પલેક્ષના મીટરોમાં શોટ સર્કિટના લીધે આગ ભભૂકી ઉઠી હતી જેમાં કોમ્પલેક્ષના ૨૦ જેટલા મીટરો બળી ગયા હતા. મીટરમાં આગ લાગવાના લીધે નજીકમાં મુકેલી ત્રણસ્કૂટી અને ત્રણ સાઈકલ પણ આગની ઝટપટમાં આવી ગયા હતા. બીજા બનાવમાં ડભોઈરોડ સોમાતળાવની સામે વૈષ્ણવપાર્ક સોસાયટી મકાનનંબર ૬૯માં આજે સાંજે આગ ભભૂકી ઉઠી હતી. મકાનમાં ગેસ લીકેજ હોવાના લીધે આગ ભભૂકી ઉઠી હોવાની વિગતો સપાટી ઉપર આવી છે. આગ ના લીધે મકાનમાંનો ઘરવખરી સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગના લીધે રૂ બે લાખની ઘરવખરી બળી ગઈ હતી.

નંદેસરીનો પ્લૉટ પચાવી પાડવાના પ્રકરણમાં પુરાવા એકત્રિત કરતી પોલીસ

વડોદરા : શહેરના નંદેસરી જી.આઈ.ડી.સીનો પ્લોટ બોગસ દસ્તાવેજના આધારે પચાવવાના પ્રકરણમાં પુરાવા એકત્રીત કરી રહેલી નંદેસરી પોલીસ દ્વારા કાલે સયાજીગંજ ખાતેની જી.આઈ.ડી.સી.ની ઓફીસેથી જરુરી દસ્તાવેજી પુરાવા મેળવશે. આરોપીઓને પકડવા ધરે તપાસ કરાઈ હતી પરંતુ આરોપીના સગડ મળ્યા નથી. જેતલપુરરોડ પર મંગલ કિરણ એપાર્ટ.માં રહેતાં જીતેન્દ્ર જયંતીલાલ મોદી (ઉં.વ.૭૧) મુંબઈ સ્થાયી થયા હતા. જીતેન્દ્રભાઈની નંદેસરી જીઆઈડીસીમાં ઉન્નતિ કોર્પોરેશન નામની કેમિકલ કંપની છે. જીતેન્દ્રભાઈના ભાઈ આરોપી ઉમેશ મોદીએ (યોગેશ્વર પાર્ક સોસા, ભવન્સ સ્કુલ પાસે)એ તેના પિતા જયંતીલાલ મોદીની માલિકીનો પ્લોટ પોતાના નામે ટ્રાન્સફર કરાવવા આર.કે.એસોસિએટના કનુ ફુલા પરમાર (અમરનગર, નવાયાર્ડ)પાસે પ્લોટ ટ્રાન્સફર અંગેના બોગસ ડોક્યુમેન્ટ બનાવડાવી તેમાં ખોટી સહીઓ કરી હતી. બોગસ દસ્તાવેજોને પ્રમાણીત કરવાનો આરોપ ધરાવતા એડવોકેટ એન્ડ નોટરી વિપુલચંદ્ર દરજી સામે પણ પોલીસ તપાસ ચલાવી રહી છે. નંદેસરી પી.આઈ. એસ.એ. કરમુરના જણાવ્યા પ્રમાણે સયાજીગંજ ખાતેની જી.આઈ.ડી.સી.ની કચેરીમાંથી ડોકયુમેન્ટસ મેળવવાશે.

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમિટેડ (GIFTCL)

અસાઈન્મેન્ટ માટે કન્સલ્ટન્ટની પસંદગી કરવા અંગે ની ઈ—ટેન્ડર નોટિસ

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી કંપની લિમિટેડ દ્વારા નીચે મુજબના અસાઈન્મેન્ટ માટે પ્રતિષ્ઠિત, અનુભવી, નિપુણ, સક્ષમ તેમજ આર્થિક રીતે સદ્ધર કન્સલ્ટન્ટ પાસેથી બીડ મંગાવવામાં આવે છે

અસાઈન્મેન્ટનું નામ	અંદાજીત કિંમત	સમયગાળો	બીડ ડોક્યુમેન્ટની ઓનલાઈન પ્રાપ્યતા	બીડ ઓનલાઈન જમા કરવાની છેલ્લી તારીખ	ફિઝિકલ બીડ જમા કરવાની છેલ્લી તારીખ
એપોઈન્ટમેન્ટ ઓફ કન્સલ્ટન્ટ ફોર ડિઝાઈન ઓફ મલ્ટિ-લેવલ કાર પાર્કિંગ ઈન બ્લોક ૫૬ એટ ગિફ્ટ સિટી (BID Reference No.: GIFT/ENG/CW/CS/2022/01)	રૂા. ૨.૦૦ કરોડ (જીએસટી વગર)	૩૬ (છત્રીસ) માસ	૧૪/૦૨/૨૨ થી ૧૫/૦૩/૨૨, ૧૨.૦૦ કલાક સુધી	૧૫/૦૩/૨૨, ૧૫.૦૦ કલાક સુધી	૧૬/૦૩/૨૨, ૧૫.૦૦ કલાક સુધી

બીડ ડોક્યુમેન્ટ વેબસાઈટ https://gift.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

બીડ ડોક્યુમેન્ટની ટેન્ડર ફી રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પૂરા) ડિમાન્ડ ડ્રાફ્ટ/બેન્કર ચેક/પેઓર્ડર)થી "ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમિટેડ" અમદાવાદ ખાતે ચુકવવા પાત્રના નામે જમા કરાવવી. વધુ જાણકારી અમારી વેબસાઈટ www.giftgujarat.in પરથી મેળવી શકાશે.

સંપર્ક:
ચીફ ઓપરેટિંગ ઓફિસર
ફોન નં. ૦૭૯-૬૧૭૦૮૩૦૦, ઈ-મેઈલ: contract@giftgujarat.in

સહી/-
મેનેજિંગ ડાયરેક્ટર અને ગ્રૂપ સીઈઓ

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમિટેડ (CIN:U65929GJ2007PLC051160)
ઈપીએસ-બિલ્ડિંગ નં. ૪૯એ, બ્લોક નં. ૪૯, ઝોન-૦૪, જ્ઞાનમાર્ગ, ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. +૯૧-૭૯-૬૧૭૦૮૩૦૦

માહિતી/૩૧૩૧/૨૧-૨૨

જાહેર નોટીસ

આથી અમો વંદના એમ. જાદવ, એડવોકેટ રહે. વડોદરાના તે આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામને જણાવીએ છીએ કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા **મોજે ગામ - સેવાસી, તા.જી.વડોદરાના ખાતા નં. ૧૧૪૬, જુના રે.સર્વે નં. ૩૧૮, બ્લોક નં. ૮૨૯, ક્ષેત્રફળ હે. ૦-૧૧-૧૩ આરે. ચો.મી. તથા જુના રે.સ.નં. ૩૦૧, બ્લોક નં. ૬૮૭, ક્ષેત્રફળ હે.૦-૦૮-૦૯ આરે.ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૧૩૪૫ ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નં. ૨, જેનો મુળ ખંડ ૧૨૪ તથા અંતિમ ખંડ નં. ૩૨ વાળી જુની શરતની ખેતીની જમીન મિલકતના માલિક રમેશભાઈ ચુનીલાલ પટેલ**ની પાસેથી અમારા અસીલ વેચાણ લેવા માંગે છે અને સદરહું પૈકી વાળી જમીન ચોખ્ખી અને બિનબોજાવાળી જણાવી અમારી પાસેથી સદરહું પૈકી વાળી જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેતી સદરહું જુની શરતની જમીન બાબતે કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, બેંક, નાણાંકીય નિગમ કે અન્ય મિલકત ઉપર કોઈના કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, ગણોતહકક વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહ જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહું મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, સંબંધ વિગેરે નથી એવુ માની મુદત વિત્યે જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દઈશું. પછી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેશો.

અસીલની સુચના અને ફરમાઈશથી

ઓ/રહે.: બી/૨૧, સરસ્વતી નગર,
છાણી જકાત નાકા, વડોદરા.
મો. નં. ૯૯૨૫૦૦૨૪૮૬

રવાના અમારા મારફતે
વંદના એમ. જાદવ (એડવોકેટ)

U. N. Mehta Institute of Cardiology & Research Centre

(Affiliated to B. J. Medical College, Ahmedabad)
Civil Hospital Campus, (Medicity), Asarwa, Ahmedabad-380 016
Tel : (079) 22684220, 22684200 Fax : (079) 22682092
Website : www.unmicrc.org • E-mail : unmicrc@gmail.com

E- TENDER NOTICE (ONLINE)

UNMICRC – Emergency Related Tertiary Cardiac Care Super Specialty Teaching Hospital Invites E-Tender for:

SN	NAME OF E-TENDER	DATE OF UPLOADING OF E - TENDER
1.	E-Tender for Providing Human Resources Including Nursing, Paramedical and Administrative Staff For Hospital	14-02-2022

- Bidders need to register themselves with (n) procure tender management system of Govt. of Gujarat **www.unmicrc.nprocure.com** to participate in E-Tender. Tender submission through www.nprocure.com is mandatory.
- Interested Bidders full filling Eligibility Criteria are requested to download the tender document from **www.nprocure.com** and Price Bid Submission is through digital mode only through www.nprocure.com.
- For submission & other E-Tender details, Please refer detailed NIT on E-Tender portal at **https://unmicrc.nprocure.com.** Any queries / representations received other than the Pre-bid meeting will not be taken into cognizance. No verbal communication will be considered.
- UNMICRC reserves the right to accept or reject any application without assigning any reason or incurring any liability whatsoever.

-UNMICRC

ક્રમાંક/સંમાહિ/અમદ/૧૬૫૮/૨૦૨૨

જાહેર નોટીસ

મોજે કપુરાઈ, તા.વડોદરા શહેર (પુર્વ) જી.વડોદરાના બ્લોક નં. ૬૩૭ (જુના સર્વે નં. ૫૬૩ અને ૫૬૪) વાળી બિનખેતી થયેલી જમીન જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ ૦–૫૪–૬૪ હેક્ટર–આરે–ચો.મી. ખાતા નં. ૩૩૩ તથા આકાર રૂા. ૨.૮૭ પૈસા છે, જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં. ૪૨ (કપુરાઈ) માં થતાં ઓરીજીનલ પ્લોટ નં. ૧૫૮ અને ફાઈનલ પ્લોટ નં. ૧૫૮/૧ જેનું ક્ષેત્રફળ ૨૧૫૯ ચો.મી. અને ફાઈનલ પ્લોટ નં. ૧૫૮/૨ જેનું ક્ષેત્રફળ ૯૩૩ ચો.મી. છે જે બંને ફાઈનલ પ્લોટોનું કુલ ક્ષેત્રફળ ૩૦૯૨ ચો.મી. છે તે જમીન પૈકી ફાઈનલ પ્લોટ નં. ૧૫૮/૨ વાળી ૨૧૫૯ ચો.મી. બિનખેતી થયેલી જમીન તેના માલિક રબારી વિરમભાઈ કુલાભાઈ પાસેથી અમારા અસીલ વેચાણ રાખવા માગે છે. અમારા અસીલે અમારી પાસે સદર ફાઈનલ પ્લોટ નં. ૧૫૮/૨ વાળી બહુહેતુક ઉપયોગ માટે બિનખેતી થયેલી મિલકતના ટાઈટલ કલીઅરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. આથી જો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો સદર મિલકત ઉપર કોઈપણ પ્રકારનો હકક, હિત, દાવો કે બોજો હોય તો અથવા તેના વેચાણ સામે કોઈ વાંધો હોય તો તેના દસ્તાવેજી પુરાવાઓ સાથે તેની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દશ દિવસમાં અમોને કરવી. જો મુદતમાં કોઈ વાંધાઓ નહીં આવે તો અમો ટાઈટલ કલીઅરન્સ સર્ટિફિકેટ આપીશું અને અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈપણ તકરાર ચાલશે નહીં.

તા. ૧૨/૦૨/૨૦૨૨

સરનામું : ૫, નિરાપાર્ક, ઓધવપુરા ગામ પાસે,
હરિનગર ઓવરબ્રિજ પાસે, ગોત્રી રોડ,
વડોદરા-૩૯૦૦૦૭.
ફોન નં. ૯૪૨૬૦૫૬૬૫૪૦, ૯૯૨૫૦૨૪૯૦૦

અમારા અસીલની સુચનાથી,
ઠાકરાણી એસોસિએટ્સ વતી
અમૃતલાલ પરબતભાઈ ઠાકરાણી (એડવોકેટ)

જાહેર નોટીસ

આથી અમારા અસીલ નીચે સહી કરનાર ઉપાધ્યાય તેજસ પંકજભાઈ રહે. ૬ વીનસ બંગલો, આલોક રેસીડન્સી ની બાજુમાં, સમાજીપુરા, વડોદરા ૩૯૦૦૧૯ તેમજ નેહા ગોર રહે. બી-૨ ૫૦૩, રૂદ્રાક્ષ રિવેરા ફ્લેટ ન્યુ વી.આઈ.પી. રોડ વડોદરા ૩૯૦૦૧૯. અમારા પિતા ઉપાધ્યાય પંકજકુમાર ભોગીલાલ કે જેઓ એ વડીલોપાર્જીત સોના ચાંદીના દાગીના લોકરની ચાવી અમારી જાણ બહાર લઈ લોકરમાં તેઓનું નામ હોવાને કારણે અમારી જાણ બહાર સોના ચાંદીના દાગીના લઈ ગયેલા અને ત્યારબાદ તેઓ અમારા ઘરે આવેલા નથી અને તેઓએ અમારો કોઈ પણ જાતનો સંપર્ક કરેલ નથી અને તેઓ સ્વચ્છંદી જીવન જીવે છે. અને તે અમારા કહ્યામાં રહ્યા નથી અને તેઓ ક્યાં છે તેની પણ અમોને ખબર નથી અને અમારો તેઓ સાથે કોઈ સંબંધ નથી અને તેઓની સાથે અને તેઓની સાથે લાગતા વળગતા એ નાણાકીય, સામાજીક તથા અન્ય કોઈ વ્યવહાર કરવો નહી અને જો કરશો તો તેમા અમારી તથા અમારા કુટુંબીજનોની કોઈ જવાબદારી રહેશે નહી.

અસીલની સુચના અને ફરમાઈશથી.

તા. ૧૩-૨-૨૦૨૨, સ્થળ વડોદરા **તુષાર જે. અમીન (એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ) મો. 9427629996**

મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડ

MGVCL

વિદ્યુત પુરવઠો બંધ રહેવાની નોટીસ.

વિજ પુરવઠાની ફરીયાદ અંગે ફોન નં. ૧૯૧૨૪
ટોલ ફ્રી નં.૧૮૦૦૨૩૩૨૬૭૦ નો સંપર્ક કરવો.

નીચે દર્શાવેલ ફીડરોનું જરૂરી સમારકામ તથા તથા અન્ડરગ્રાઉન્ડકેબલનું કામ કરવાનું હોવાથી નીચેના ફીડરો વીજ પુરવઠો સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક મળી શકશે નહિં, જેની નોંધ લેવા વિનંતી.

તરસાલી સ.ડી. ના (૧) તા. ૧૪.૦૨.૨૦૨૨ - સોમવાર - રામબાગ ફીડર: આનંદબાગ, શ્રીનાથજી પાર્ક, શ્રીજીધામ, પરિશ્રમ ડુપ્લેક્ષ, તુલસીશ્યામ, શિવમ-મંગલમ, ભકિતસાગર, વૃન્દાવન, મકરપુરા હોસ્પીટલ, અમૃતનગર, ભગવતીનગર ટેનામેન્ટ, રાધાકૃષ્ણ સોસાયટી, શિવશાંતિ નગર, ઈન્દીરા નગર, વ્રજધામ, આમરા તથા આજુબાજુનો વિસ્તાર. (૨) **તા.૧૬.૦૨.૨૦૨૨ - બુધવાર - નીલકંઠ ફીડર:** મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, નૈઋતીપાર્ક, તુળજાનગર, ગિરધરપાર્ક, શ્રીધરપાર્ક, શ્રીનિવાસ, રામબાગ, સ્વામી રેસિડન્સી, વૈકુંઠધામ, ઝવેરીનગર, શાલિગ્રામ, કલ્પ, નીલકંઠ, નંદનધામ, રોયલ વિલા, આમ્રકુંજ, આમ્ર વિલા, પામ વિલા, હવેલી. નંદરેસિડન્સી. રાધે રેસિડન્સી. શ્રી નાથ એવેન્યુ, ઉનરદીપ કોમ્પ્લેક્સ ૧૨૨, મણીબાપાર્ક, એસ.સી.બી. કોલોની તથા આજુબાજુનો વિસ્તાર, મહાવીર પાર્ક, ગ્રીન પાર્ક, એસ.આર.પી. તથા આસપાસ નો તમામ વિસ્તાર. (૩) **તા.૧૮.૦૨.૨૦૨૨ - શુક્રવાર - નોવીનો ફીડર:** પ્રીયદર્શની,રાજરત્ન, શુભ ડુપ્લેક્ષ, કલાપી, ગજાનંદ કોમ્પ્લેક્સ , સ્વસતીક કોપ્લેક્ષ, સમૃધ્ધિ કોમ્પ્લેક્સ , રામબાગ,સોના પાર્ક ૧ અને ૨, આમ્રપાલી રેસીડેન્સી, ભયલાલ પાર્ક, વજ રેસીડન્સી, ગંગાપાર્ક તથા આજુબાજુનો તમામ વિસ્તાર.

લાલબાગ સ.ડી.ના (૧) તા.૧૬.૦૨.૨૦૨૨ - બુધવાર - લાલબાગ ફીડર: પેલેસપ્લાઝા થી મધુવન કોમ્પ્લેક્સથી માંજલપુર નાકાથી સીતાબાગ ગરબા ગ્રાઉન્ડ તથા આસપાસનો વિસ્તાર, માંજલપુર ગામથી નર્મદાનગર તથા આસપાસનો વિસ્તાર. વાડી સ.ડી. ના (૧) **તા.૧૬.૦૨.૨૦૨૨ - બુધવાર - રણમુકતેશ્વર ફીડર:** બેટરી એસ.એસ., એલાઈડ ફાર્મા, લબ્ધી એસ્ટેટ, બાવરી કુંભારવાડા, દત્તનગર, તેજાબમીલ, રણમુકતેશ્વર, ઝેનીથ સ્કુલ, ડોલ્ફીન એસ્ટેટ, પ્રતાપનગર ઓવરબ્રીજ, નવગ્રહ મંદીર, અલ્પના સિનેમા, પાર્વતી ચેમ્બર, સમૃધ્ધી કોમ્પ્લેક્સ , વિહારકુંજ, યોગીની હોસ્પીટલ, જગન્નાથ કોમ્પ્લેક્સ તથા શાંતી ચેમ્બર તથા આજુબાજુનો વિસ્તાર. (૨) **તા.૧૮.૦૨.૨૦૨૨ - શુક્રવાર - રામચોક ફીડર:** ગાજરાવાડી, રબારી વાડ, ઈદગાહમેદાન રોડ, દાલીયાવાડી, બાજવાડા, નાની શાક માર્કેટ,બદરી મોહલ્લો, રામચોક ટાવરએરીયા, ગોયા દરવાજા તથા આજુબાજુનો તમામ વિસ્તાર.

માંજલપુર સ.ડી. ના (૧) તા.૧૮.૦૨.૨૦૨૨ - શુક્રવાર - જી ૨ ફીડર: વનલીલા સો., સુરભી પાર્ક,સર્વમ હાઈટ, વિશ્વામિત્રી રેલ્વેકોલોનીથી સુભલક્ષ્મી સો., પ્રમુખપ્રસાદ ચોકડી, કોચર કોમ્પ્લેક્સ, સેલ્સ ઈન્ડીયા, આમ્રપાલી સો. તથા તમામ આજુબાજુનો વિસ્તાર.

નોંધ : જો સમારકામ વહેલું પુરૂં થશે તો કોઈપણ જાતની અગાઉથી જાણ કર્યા વગર વીજ -પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.'

કાર્યપાલક ઈજનેર (સં અને નિ) લાલબાગવિભાગીય કચેરી.

ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in
Azadi Ka Amrit Mahotsav

10 વર્ષીય રાજ્ય સરકારની જામીનગીરી (સિક્યોરિટીઝ) ની હરાજી

ગુજરાત રાજ્ય સરકારે હરાજી મારફત કુલ **₹1,500.00 કરોડ** (ફેસ વેલ્યુ) ની જામીનગીરી વેચવાની ઓફર કરી છે.

મલ્ટિપલ પ્રાઈસ ફોર્મેટ હેઠળ ઊપજ આધારિત આ હરાજી **15 ફેબ્રુઆરી, 2022 (મંગળવાર)** ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા કોર બેંકીંગ સોલ્યુશન (ઈ-કુબેર) સિસ્ટમ પ્રમાણે યોજાશે. વ્યક્તિગત રોકાણકારો રિટેલ ડાયરેક્ટ પોર્ટલ **(https://rbiretaildirect.org.in)** દ્વારા બિન-સ્પર્ધાત્મક યોજના મુજબ બિડ મૂકી શકે છે.

વધુ વિગતો માટે, કૃપા કરીને **11 ફેબ્રુઆરી, 2022 (શુક્રવાર)** ના રોજ આર.બી.આઈ. ની વેબસાઈટ **(www.rbi.org.in)** પર મુકવામાં આવેલી અખબારી યાદી જુઓ.

"નાણાં આપવાની લાલચ આપતા ઈ-મેલ/એસએમએસ/ફોનથી છેતરાશો નહિ"

SICOM LIMITED

રજીસ્ટર્ડ ઓફીસ : સિકોમ લિ.,
સોલિટેર કોર્પોરેટ પાર્ક, બિલ્ડિંગ નં. ૪, ૬ઠ્ઠો માળ,
ગુરૂ હરગોવિંદજી રોડ, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૯૩.
Tel: 022-6657 2700 વેબસાઈટ : www.sicomindia.com

જાહેર ઈ-હરાજી નોટિસ
"કેમરોક એપ્લિકેટ પ્રાઈવેટ લિમિટેડ" ની અસ્કામતોમાં "જે છે ત્યાં છે, જે છે તે છે, જેમ છે તેમ છે અને વિધાઉટ રિકોર્સ બેસિસ આધારિત" વેચાણ માટે

આથી આ નોટિસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદારો/જામીનદારોને સિકોમ લિ. દ્વારા આપવામાં આવે છે કે નીચે આપેલ મિલકત સિકોમ લિમિટેડ પાસે ગીરવે મુકાયેલ જે સિકોમના સંપૂર્ણ ચાર્જ હેઠળ અને સ્ટેટ ફાઈનાન્સિયલ કોર્પોરેશન એક્ટ, ૧૯૫૧ (SFC એક્ટ) ની કલમ ૨૯ (૧)ની જોગવાઈઓ હેઠળ કબજામાં લીધેલ છે અને તે જાહેર ઈ-હરાજી દ્વારા "જે છે ત્યાં છે", જે છે તે છે, જેમ છે તેમ છે અને વિધાઉટ રિકોર્સ આધારિત" ગુજરાત હાઈકોર્ટના તારીખ ૧૪ જૂન ૨૦૧૮ના હુકમ મુજબ ૦૯ માર્ચ, ૨૦૨૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ઈ-હરાજી પોર્ટલ https://eauction.auctiontiger.net દ્વારા સિકોમનાં બાકી લેણાની વસુલાત માટે વેચવામાં આવશે.

નીચે આપેલ મિલકતો માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી મહોરબંધ કવરમાં ઓફરો રાષ્ટ્રીય બેંકો/શેડ્યૂલ્ડ કોમર્શિયલ બેંકોના ડિમાન્ડ ડ્રાફ્ટરૂપે અથવા NEFT/RTGS દ્વારા ટ્રાન્સફર મુકવાથી જમા કરવાની બાનાની રકમ (ઈએમડી) સહિત આમંત્રિત કરવામાં આવે છે.

એસએફસી એક્ટની કલમ ૨૯ (૧) હેઠળ વેચાણમાં મૂકેલ મિલકતનું સંક્ષિપ્ત વિવરણ

ઔદ્યોગિક બિનખેતીની જમીન માપ ૨૨૩૬૩ ચો.મી. રેવન્યૂ સર્વે નં. ૧૩૩, ૧૫૦ અને ૧૮૬ સ્થિત (લોટ નં.૧) અને જમીન માપ ૫૪૫૪૩ ચો.મી. ૧૩૬૩ ચો.મી.ના બિલ્ડિંગ તથા ઈન્સ્ટોલ કરેલ પ્લાન્ટ અને મશીનરી સહિત જે રેવન્યૂ સર્વે નં. ૨૫૪, ૩૦૩, ૨૫૩, ૨૫૫, ૨૫૬, ૨૫૦ ૨૫૨, ૨૪૯, ૨૫૭, ૨૫૮, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૧૮૯/૧ અને ૧૮૦/૧ સ્થિત (લોટ નં. ૨) બંને લોટ વડોદરા-હાલોલ સ્ટેટ હાઈવે એસએચ-૮૭, ગામ-આસોજ, તાલુકો-વાઘોડિયા, જિલ્લા-વડોદરા-૩૯૧૫૧૦ ખાતે આવેલ છે.

આ લોટ નં. માટે અનામત કિંમત નીચે મુજબ છે

લોટ નં.	સર્વે નં. સાથે પ્લોટ	જમીન ક્ષેત્રફળ (ચો.મી.માં)	અનામત કિંમત (રૂ. કરોડમાં)	ઈએમડી (રૂ. કરોડમાં)
લોટ નં. ૧	રેવન્યૂ સર્વે નં. ૧૩૩, ૧૫૦ અને ૧૮૬	૨૨૩૬૩	૧.૬૧	૦.૨૦
લોટ નં. ૨	રેવન્યૂ સર્વે નં. ૨૫૪, ૩૦૩, ૨૫૩, ૨૫૫, ૨૫૬, ૨૫૦ ૨૫૨, ૨૪૯, ૨૫૭, ૨૫૮, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૧૮૯/૧ અને ૧૮૦/૧ બિલ્ડિંગ તથા ઈન્સ્ટોલ કરેલ પ્લાન્ટ અને મશીનરી સાથે	જમીન-૫૪૫૪૩ અને બિલ્ડિંગ ૧૩૬૩ અને પ્લાન્ટ તથા મશીનરી	૧૦.૦૦	૧.૦૦
સંયુક્ત લોટ નં. ૧ અને ૨		૭૬૯૦૬	૧૧.૬૧	૧.૨૦

૧. આ અસ્કામતો બે લોટમાં અલગઅલગ અને એકલરૂપે (લોટ નં. ૧ અને લોટ નં. ૨) અથવા સંયુક્તપણે (બન્ને લોટ નં. ૧ અને ૨ સાથે) બિલ્ડિંગ, પ્લાન્ટ અને મશીનરી સાથે ઉપર મુજબ ખરીદી માટે ઉપલબ્ધ છે.
૨. આ મિલકત કંપની પિટિશન નં. ૨૦૧૩ની ૩૩૮માં કંપની અરજી નં. ૨૦૧૫ ની ૩૧૪માં ગુજરાત હાઈકોર્ટનાં ૧૪ જૂન, ૨૦૧૮નાં હુકમ મુજબ વેચવામાં આવશે. આ વેચાણ એ સિકોમ લિ. તથા નામદાર ગુજરાત હાઈકોર્ટની સ્વીકૃતિને આધીન રહેશે.
૩. બિડ વધારા રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- અને તેનાં ગુણાંકમાં રહેશે.
૪. સંભવિત બિડરો સેવા પ્રદાતા **મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ લિ. (ઓક્શન ટાઈગર)** તથા શ્રી રામ શર્મા (મોબાઈલ નં. ૯૦૦૦૦૦૦૦૦૦, ઈ-મેલ આઈડી- ramprasad@auctiontiger.net) હેલ્પલાઈન ઈ-મેલ આઈડી: support@auctiontiger.net પરથી ઓનલાઈન ટ્રેનિંગ લઈ શકશે.
૫. સંભવિત બિડરોને તેમની બિડ જમા કરતા પહેલા વિસ્તૃત નિયમો અને શરતો તથા વેચાણની પ્રક્રિયા માટે વેબસાઈટ https://eauction.auctiontiger.netની મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવે છે. આ વેચાણ એ ઉપરોક્ત મિલકતનાં વેચાણનાં સામાન્ય નિયમો અને શરતોને આધિન છે, જેની અલગ પ્રત www.sicomindia.com અથવા https://eauction.auctiontiger.net પરથી બિડર દ્વારા મેળવી શકે છે. જો બિડર આ વેચાણના નિયમો અને શરતોની પ્રત નથી મેળવતા, તો પણ માની લેવામાં આવશે કે બિડરે પ્રત મેળવેલ છે, વાંચેલ છે, સમજેલ છે અને તેને સ્વીકૃત કરેલ છે.
૬. આ જાહેર હરાજીમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બિડરો/ઓફર કરનારાઓએ **લોટ નં. ૧ માટે રૂ. ૦.૨૦ કરોડ, અથવા લોટ નં. ૨ માટે રૂ. ૧.૦૦ કરોડ અથવા સંયુક્તપણે (બન્ને લોટ નં. ૧ અને ૨ સાથે) માટે રૂ. ૧.૨૦ કરોડની જમા કરવાની બાનાની રકમ સિકોમ લિમિટેડ**ની તરફેણમાં મુંબઈ ખાતે ચુકવણીપાત્ર એવા રાષ્ટ્રીય બેન્ક/શેડ્યૂલ્ડ કોમર્શિયલ બેન્કનાં ડિમાન્ડ ડ્રાફ્ટરૂપે ૦૮, માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૨.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાની રહેશે.
૭. ઈએમડી RTGS/NEFT દ્વારા પણ નીચે આપેલ ખાતાની વિગતો મુજબનાં ખાતામાં ૦૮ માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૨:૦૦ કલાક સુધી જમા કરી શકશે.

લાભાર્થીનું નામ	સિકોમ લિમિટેડ
લાભાર્થી બેન્કનું નામ	એચડીએફસી બેન્ક
લાભાર્થીનો ખાતા નં.	૦૦૦૧૦૩૫૦૦૦૩૮૮૪
શાખાનું સરનામું	૧૦૧-૧૦૪, સુરસિયાની ચેમ્બર્સ, નરિમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧
IFSC કોડ	HDFC0000001

૮. સંભવિત બિડરોને ચુકવણી માટે નીચે મુજબના પરિશિષ્ટને ચુસ્તપણે અનુસરવાનું રહેશે.
એ. સિકોમ દ્વારા ઓફર સ્વિકૃત થવાની તારીખથી ૧૫ દિવસમાં ખરીદી **કિંમતનાં ૨૫% રકમ** (ચુકવેલ ઈએમડી બાદ કરતા)ની ચુકવણી કરી દેવાની રહેશે.
બી. ખરીદીની રકમના બાકીનાં **૭૫%ની રકમની** સિકોમ દ્વારા ઓફર સ્વીકૃત કરવાનાં ૩૦ દિવસ (ત્રીસ દિવસ) સુધી અથવા તે પહેલા મુંબઈ ખાતેની કોઈપણ શેડ્યૂલ્ડ બેંકની શાખાના **ડિમાન્ડ ડ્રાફ્ટ** દ્વારા સિકોમ લી. ના નામે અથવા RTGS દ્વારા ટ્રાન્સફર કરવાના રહેશે.
૯. જે ઓફરો સાથે સામાન્ય નિયમો અને શરતોની સહીવાળી પ્રત નહી હોય તથા જરૂરી ઈએમડી વિનાની અથવા અહીં આપેલ ઉપર મુજબની તારીખ અને સમય પછી મળેલ ઓફરો ધ્યાનમાં લેવાશે નહીં/ટેન્ડર અમાન્ય ઠરશે, અને ત્વરિતપણે રદ ગણવામાં આવશે.
૧૦. સિકોમ એ ઉચ્ચતમ ઓફર કે કોઈપણ ઓફરો સ્વીકૃત કરવા બંધાયેલ નથી તથા તે કોઈપણ ઓફર સ્વીકૃત કે રદ કરી શકે તે તેની પૂર્ણ મુનસફી પર રહેશે.
૧૧. સિકોમ લિ. એ કોઈપણ તબક્કે કોઈપણ કારણ દર્શાવ્યા વગર આ જાહેર હરાજી રદ કરવાનો/સ્થગિત કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.
૧૨. ઉપર દર્શાવેલ બિડો મિલકત **'જે છે ત્યાં છે, જે છે તે છે જેમ છે તેમ છે અને વિધાઉટ રિકોર્સ'** આધારિત અને કોઈપણ નુકસાની બાબતે કે વોરંટી વગર વેચાનાર છે.
૧૩. સિકોમ લિ. ની જાણ અને માહિતી મુજબ આ મિલકતો પર કોઈ બોજો નથી. બિડર તેમની જાતે તમામ બાબતે કોઈપણ ચાર્જ, ધિરાણ, કરવેરા કે અન્ય કોઈ બાકી લેણા સહિત પરંતુ મર્યાદિત નહી એમ પોતાની સંતુષ્ટી માટે તપાસ કરી લે. બિડરોને વધુ આ મિલકત સંબંધે પોતાની રીતે સંપૂર્ણ ચકાસણી કરી લેવા સૂચિત કરવામાં આવે છે. સિકોમ લિ. એ વેચાણ હેઠળની આ મિલકત બાબતના કોઈપણ ચાર્જ, ધિરાણ, બોજા, મિલકત વેરા, અથવા અન્ય કોઈના પણ બાકી લેણા માટે જવાબદાર નથી. તમામ વૈધાનિક ચુકવણા/કરવેરા/મેઈન્ટેનન્સ, ફી/વિજળી/પાણી ખર્ચ, ગ્રામ પંચાયત અને મ્યુનિસિપલ ચાર્જ, વગેરે જે આ તારીખે બાકી નીકળતા હોય અને બાકી રહેતા હોય તે તમામ બિડર(રો)એ સુનિશ્ચિત કરવાના રહેશે તથા આ સફળ બિડર/ખરીદદારે જ વહન કરવાના રહેશે. સિકોમ લિ. તે બાબતની કોઈપણ માહિતી આપવા કે તેમની ચુકવણી કરવા જે આ મિલકત માટેના કોઈપણ પ્રકારના હોય તેની કોઈ જવાબદારી રહેશે નહીં.
૧૪. એ ખરીદદાર/સફળ બિડરની જવાબદારી રહેશે કે ઈન્કમટેક્સ એક્ટની કલમ 194IA હેઠળ ચુકવવાની થતી વેચાણ માટેની ૧% (એક ટકો)ની રકમ ચુકવવાની રહેશે. કરવેરાની ચુકવણી ખરીદદાર/સફળ બિડરે ઓફર કરેલ કિંમત પર ચુકવવાની રહેશે તથા સિકોમને ઓફર કરેલ/બિડ કિંમતને અને સિકોમ કોઈ પણ પ્રકાર/જાતના તેનામાંથી કપાત વગરને આધિન રહેશે.
૧૫. હરાજીનું પરિશિષ્ટ નીચે મુજબ છે.

૧.	મિલકતનું નિરીક્ષણ	૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ સવારના ૧૧.૦૦ થી બપોરનાં ૪.૦૦ કલાક
૨.	બાનાની રકમ સાથે બિડો સ્વીકૃત કરવાની તથા ચુકવણીનાં પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની અંતિમ તારીખ	૦૮ માર્ચ, ૨૦૨૨ બપોરે ૦૨.૦૦ કલાક સુધી (ડીડી અથવા RTGS/NEFT બન્ને માટે)
૩.	જાહેર ઈ-હરાજી – તારીખ અને સમય	૦૯ માર્ચ, ૨૦૨૨, સવારના ૧૧.૦૦ થી બપોરનાં ૧.૦૦ કલાક (૫ મિનિટનાં અમર્યાદિત વધારા સહિત)

મિલકતની વધુ પૂછપરછ માટે કૃપા કરી સંપર્ક કરો.

શ્રી રાજેન્દ્ર ભોસલે	ફોન (૦૨૨)-૬૬૫૭૨૭૨૪ મોબાઈલ-[illegible]	ઈ-મેલ: rbhosale@sicomindia.com
શ્રી પ્રાંજિલ અગ્રવાલ	ફોન (૦૨૨)-૬૬૫૭૨૭૯૮ મોબાઈલ-[illegible]	ઈ-મેલ: pagrawal@sicomindia.com

તારીખ: ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૨
સ્થળ: મુંબઈ

સહી/-
સિકોમ લિમિટેડ

દમદાર અને અસરદાર
હરિદ્વારમાં નિર્મિત ભારતનું પ્રસિદ્ધ
કેસરી મલમ અને તેલ
An Ayurvedic Proprietary Medicine